# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ | ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in | Website : www.ngu.ac.in


**પરિપત્ર ક્રમાંક : ૯૦૩ /૨૦૨૬**

વિષય : અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ફ્રી શીપ કાર્ડ બાબત.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, યુનિવર્સિટી શાખા,ગાંધીનગર નો પત્ર ક્રમાંક ISC-7/યુનિ/૨૦૨૬/ ૨૦૧૭-૧૮,તા.૧૪/૦૮/૨૦૨૬ નો પત્ર

આ યુનિવર્સિટીના સંલગ્ન તમામ વિભાગના વડાશ્રીઓ તથા તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કેન્દ્ર સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમ માટે નિયમોનુસાર નિયત કરવામાં આવેલ શિક્ષણ ફી તથા નોન-રિફંડેબલ ફી શિષ્યવૃત્તિ તરીકે ચુકવવાની જોગવાઈ છે. શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્યની વિવિધ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/સંસ્થાઓ/ખાનગી યુનિવર્સિટીઓમાં ચાલતા અભ્યાસક્રમોમાં ફ્રીશીપ કાર્ડ યોજના અમલમાં છે.

ફ્રીશીપ કાર્ડ યોજનાનો મુખ્ય હેતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફી ભરવામાંથી રાહત આપી તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સરળતા ઉપલબ્ધ કરાવવાનો છે. ફ્રીશીપ કાર્ડના આધારે પ્રવેશ મેળવ્યા બાદ તથા શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીના ખાતામાં જમા થયા પછી વિદ્યાર્થીઓ દ્વારા સંબંધિત કોલેજ/સંસ્થામાં નિયત ફી જમા કરાવવાની હોય છે,પરંતુ વિદ્યાર્થી દ્વારા શિષ્યવૃત્તિની રકમ પ્રાપ્ત થયા બાદ પણ સંબંધિત કોલેજો/સંસ્થામાં ફી જમા કરવામાં ન આવે તો ઉકત યોજનાના હેતુની અસરકારક અમલવારીમાં વિક્ષેપ ઊભો થાય છે.

આથી ફ્રીશીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નિયમોનુસાર યોજનાનો લાભ મળે તેમજ શિષ્યવૃત્તિની રકમ પ્રાપ્ત થયા બાદ નિયત ફી સંબંધિત કોલેજ/સંસ્થામાં જમા કરાવવામાં આવે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કુલસચિવ

નં.-એકે/જનરલ/૪૬૮૦/૨૦૨૬

તારીખ : ૧૮/૦૯/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી વિભાગોના અધ્યક્ષશ્રીઓ અને સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ઘટતી કાર્યવાહી સારૂં.

**નકલ સવિનય રવાના (જાણ સારૂ) :-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,કુલપતિશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી,કુલસચિવશ્રી નું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

**નકલ રવાના (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ) :-**

૧. ડૉ.જય વાય.ત્રિવેદી,સ્કોલરશીપ સેલ (SC/ST), હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૨. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.વડાલી, જી.સાબરકાંઠા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૩. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (યુનિવર્સિટીના વેબસાઈટ ઉપર મુકવા સારૂ)
૪. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (પરિપત્ર ફાઈલે)
૫. સંબંધિત ફાઈલે.